દાખલ તારીખઃ ૦૧/૦૧/૧૮

રજીસ્ટરે નોંધ્યા તાઃ ૦૧/૦૧/૧૮

ફૈંસલ તારીખઃ ૦૬/૦૧/૧૮

| સમય અવધીઃ | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૦ | ૦૫ |

**અમદાવાદ (ગ્રામ્ય)ના મહે. બીજા એડી. સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુ.વિરમગામ.**

ક્રિમીનલ પ.અ.નં.૨/૧૮

આંક :

અરજદારઃ– (૧) વિક્રમ ઉર્ફે મુકેશભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ,
ઉ.વ.૩૦, ધંધો : ખેતી પશુપાલન.

(૨) શકતાભાઈ સોમાભાઈ ભરવાડ,
ઉ.વ.૩૭, ધંધો : ખેતી પશુપાલન.

(૩) વિક્રમભાઈ પોપટભાઈ ભરવાડ,
ઉ.વ.૨૨, ધંધો : ખેતી પશુપાલન.

(૪) ધરમશીભાઈ રામશીભાઈ ભરવાડ,
ઉ.વ.૩૮, ધંધો : ખેતી પશુપાલન.

(૫) સુરેશભાઈ હરજીભાઈ ભરવાડ,
ઉ.વ.૩૪, ધંધો : ખેતી પશુપાલન.

(૬) ભલાભાઈ રાજાભાઈ ભરવાડ,
ઉ.વ.૫૫, ધંધો : ખેતી પશુપાલન.

(૭) અરજણભાઈ બળદેવભાઈ ભરવાડ,
ઉ.વ.૨૬, ધંધો : ખેતી પશુપાલન.

(૮) જયદિપભાઈ સગ્રામભાઈ ભરવાડ,
ઉ.વ.૨૦, ધંધો : ખેતી પશુપાલન.

(૯) નવઘણભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ,
ઉ.વ.૩૭, ધંધો : ખેતી પશુપાલન.

(૧૦) સૈલેષભાઈ સોમાભાઈ ભરવાડ,
ઉ.વ.૩૫, ધંધો : ખેતી પશુપાલન.

(૧૧) ધીરૂભાઈ ચેલાભાઈ ભરવાડ,
ઉ.વ.૪૭, ધંધો : ખેતી પશુપાલન.

(૧૨) હરીભાઈ મોમણભાઈ ભરવાડ,
ઉ.વ.પર, ધંધો : ખેતી પશુપાલન.
તમામ રહે. જખવાડા, તા.વિરમગામ, જી.અમદાવાદ.

વિરુધ્ધ.....

સામાવાળાઃ– શ્રી સરકાર.

ગુનોઃ ઈ.પી.કો.ક. ૧૪૭,૧૪૮,૧૪૯,૩૦૭,૩૨૩,૪૨૭,૩૪૧, ૧૨૦–બી મુજબ

બાબતઃ ક્રિ.પ્રો.કો.ક. ૪૩૯ મુજબની રેગ્યુલર જામીન અરજી.

---

**અરજદાર તરફે વિધ્વાન વકીલશ્રી એસ.એન.સૈજા.**
**સામાવાળા તરફે વિધ્વાન એ.પી.પી.શ્રી એચ.આર.સોલંકી.**

---

## ::: ચૂકાદો :::

૧. અરજદાર/આરોપીઓની વિરમગામ રુરલ પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર. નં.૯૮/૧૭ થી ઈ.પી.કોડ કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૪૨૭, ૩૪૧, ૧૨૦–બી મુજબના ગુનાના કામે આ કામના અરજદાર/આરોપીઓની ધરપકડ કરવામાં આવેલ અને તેઓને નીચલી અદાલતમાં રજુ કરતા આરોપીઓને જયુડી. કસ્ટડીમાં લીધેલ અને અરજદાર/આરોપી હાલ જયુડીશીયલ કસ્ટડીમાં હોય રેગ્યુલર જામીન મેળવવા માટે આ જામીન અરજી કરેલી છે.

૨. નોટીસની બજવણી થતાં સામાવાળા સરકાર તરફે વિદ્વાન એ.પી.પી.શ્રી એચ. આર. સોલંકી હાજર થયેલ છે અને તપાસના કાગળો તથા આંક–૪ થી તપાસ કરનાર અમલદારનું સોગંદનામુ રજૂ કરેલ છે તથા અરજદાર/આરોપી તરફે આંક–૩ ના લીસ્ટથી કાગળો રજુ કરેલ છે જે વંચાણે

**લીધેલ છે. તેમજ મુળ ફરીયાદી તરફે અરજદારોની જામીન અરજી સામે વાંધા અરજી રજુ કરી, અરજદાર/આરોપીઓને જામીન ઉપર મુકત કરવા સામે વાંધો લીધેલ છે.**

**૩. અરજદાર તરફે વિદ્વાન વકીલ શ્રી એસ.એન.સૈજા તેમજ ફરિયાદ પક્ષ તરફે વિદવાન એ.પી.પી.શ્રી એચ. આર. સોલંકીને સાંભળ્યા.**

**૪. આ કામે ફરિયાદની સંક્ષિપ્તમાં વિગત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદીના કુટુંબીભાઈના ખેતરમાં ભેલાણ કરેલ હોય જેથી ફરીયાદી તથા સાહેદ ફરીયાદ કરવા આવતા હતા ત્યારે આરોપીઓએ ગેરકાયદેસર મંડળી રચી એકસંપ થઈ ગુનાહિત કાવતરુ રચી પોતાના હાથમાં તલવાર, દાંતી, ધારીયા, લાકડીઓ જેવા હથીયારો લઈ ફરીયાદી તથા સાહેદોને મારી નાખવાના ઈરાદે રોડ વચ્ચે આવી ફરીયાદી તથા સાહેદની ગાડીઓ ઉભી રખાવી તલવાર, દાંતી, ધારીયા, લાકડીઓથી ગાડીઓ ઉપર હુમલો કરી ગાડીઓના કાચ તોડી નાખી નુકસાન કરી ફરીયાદી તથા સાહેદોને ગાડીઓમાંથી નીચે ઉતારી માર મારી ઈજાઓ કરી ગુનો કરેલ છે. જેથી આરોપીઓ વિરુઘ્ધ તે બાબતની ફરિયાદ ફરિયાદીએ નોંધાવેલ છે.**

**૫. હાલના કામે અરજદારના વિ.વ.શ્રી એસ.એન.સૈજાની રજુઆત છે કે, આ કામના અરજદાર/આરોપીઓ સામે ઈ.પી.કો.કલમ ૧૪૭,૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૪૨૭, ૩૪૧, ૧૨૦–બી મુજબનો ગુનો દાખલ થયેલ છે. અરજદારો સામે તલવાર, દાંતી, ધારીયા, લાકડીઓથી ઈજા કરવાનો આક્ષેપ છે. પરંતુ આ કામે ઈજાપામનારને દવાખાનામાંથી રજા આપી દીધેલ છે અને તેઓ ભયમુકત છે. અરજદાર/આરોપીઓ સ્થાનિકના રહેવાસી છે, નાસી ભાગી જાય તેમ નથી. તેમજ કેસ ચાલતા સમય જાય તેમ છે અને ત્યાં સુધી જેલમાં રાખવામાં આવે તો પ્રિ–ટ્રાયલ કન્વીકશન થાય તેમ છે. તેમજ નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું**

ચુસ્તપણે પાલન કરીશું. જેથી અરજદાર/આરોપીઓને જામીન મુકત પર કરવા જોઈએ.

૬. હાલના કામે સરકાર તરફે વિ. એ.પી.પી.શ્રી એચ. આર. સોલંકીની રજુઆત છે કે, અરજદાર/આરોપીઓએ તલવાર, દાંતી, ધારીયા, લાકડીઓથી ઈજાપામનારને માર મારી ઈજા પહોચાડેલ છે. ગંભીર પ્રકારનો ગુનો છે. તપાસ ચાલુ છે. જેથી અરજદાર/આરોપીઓની જામીન અરજી નામંજુર કરવી જોઈએ.

૭. બંને પક્ષે રેકર્ડ અને રજુઆત જોતાં, આ કામે ફરીયાદ તથા તપાસના કાગળો વંચાણે લેતાં, આ કામે ફરીયાદના કથન જોતાં આરોપીઓનું કૃત્ય બનાવના કામે ખૂબ જ ગંભીર છે. તેમ છતાં આ કામે ઈજાપામનારાને દવાખાનામાંથી રજા આપી દેવામાં આવેલ છે અને તેઓ ભયમુકત છે. તેમજ કયા આરોપીએ કોને કયા હથીયારથી ઈજા કરેલ છે તે બાબતે કોઈ હકીકત રેકર્ડ ઉપર જણાતી નથી. તેમ છતાં સમગ્ર હકીકત એ પુરાવાનો વિષય છે. આ કેસનું ચાર્જશીટ થઈ તેનો ગુણદોષ ઉપર નીકાલ આવતા સુધી ઘણો સમય જાય તેમ છે. આરોપીઓ સ્થાનિક રહેવાસી છે. તેમજ નામ. કોર્ટ ફરમાવશે તે તમામ શરતોનું પાલન કરવા તૈયાર છે. તે સંજોગોમાં સમગ્ર હકીકત, રેકર્ડ, રજુઆતો વિગેરે ધ્યાને લેતાં, કેસના ગુણદોષમાં પડયા સિવાય, જો અરજદાર/આરોપીઓને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે. જેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## હુ...ક...મ.

અરજદાર/આરોપીઓ નં.(૧) વિક્રમ ઉર્ફે મુકેશભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ, નં. (૨) શકતાભાઈ સોમાભાઈ ભરવાડ, નં. (૩) વિક્રમભાઈ પોપટભાઈ ભરવાડ, નં.(૪) ધરમશીભાઈ રામશીભાઈ ભરવાડ, નં. (૫) સુરેશભાઈ હરજીભાઈ ભરવાડ, નં.(૬) ભલાભાઈ રાજાભાઈ ભરવાડ, નં. (૭) અરજણભાઈ બળદેવભાઈ ભરવાડ, નં.(૮) જયદિપભાઈ સગ્રામભાઈ ભરવાડ, નં.(૯)

**નવઘણભાઈ લક્ષ્મણભાઈ ભરવાડ, નં. (૧૦) સૈલેષભાઈ સોમાભાઈ ભરવાડ, નં. (૧૧) ધીરૂભાઈ ચેલાભાઈ ભરવાડ, નં. (૧૨) હરીભાઈ મોમણભાઈ ભરવાડ, તમામ રહે. જખવાડા, તા.વિરમગામ, જી.અમદાવાદનાઓની હાલની રેગ્યુલર જામીન મેળવવાની અરજી ન્યાયના હિતમાં મંજુર કરવામાં આવે છે.**

**વિરમગામ રુરલ પો. સ્ટે. ફર્સ્ટ ગુ.ર. નં.૯૮/૧૭ થી ઈ.પી.કોડ કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૦૭, ૩૨૩, ૪૨૭, ૩૪૧, ૧૨૦–બી મુજબના ગુનાના કામે જો દરેક અરજદાર/આરોપી પ્રત્યેકના રૂા.૧૫,૦૦૦/– (અંકે રુપીયા પંદર હજાર પુરા)ના જાત જામીન તથા એટલી જ રકમના સધ્ધર જામીન નીચલી અદાલતમાં રજુ કર્યેથી નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.**

**<u>શરતો.</u>**

**(૧) અરજદાર/આરોપીએ દર મહીનાની ૫ મી તારીખે આ કેસમાં તપાસ પુર્ણ થઈ ચાર્જસીટ ન થાય ત્યા સુધી સંબંધીત પો.સ્ટે.માં સવારના ૯–૦૦ થી ૧૨–૦૦ વાગ્યા દરમ્યાન હાજરી પુરાવવાની રહેશે.**

**(૨) અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના ફરિયાદી અને સાહેદોને લોભ–લાલચ, ધાક–ધમકી આપવી નહી કે સાહેદોને ફોડવાનો પ્રયત્ન કરવો નહીં તેમજ તપાસના કામે પોલીસને સાથ અને સહકાર આપવો.**

**(૩) અરજદાર/આરોપીએ આ કેસ ચલાવવાની હકુમત ધરાવતી કોર્ટની પૂર્વ પરવાનગી સિવાય ગુજરાત રાજયની હદ છોડવી નહી.**

**(૪) અરજદાર/આરોપીએ જામીન આપતી વખતે પોતાના રહેઠાણનું પુરુ સરનામુ નીચેલી કોર્ટને સંતોષ થાય તે રીતે આપવાનું રહેશે.**

**(૫) અરજદાર/આરોપીએ જો પાસપોર્ટ ધરાવતા હોય તો નીચલી**

**અદાલતમાં રજુ કરવો વિકલ્પે પાસપોર્ટ ધરાવતાં નથી તેવું સોગંદનામું નીચલી અદાલતમાં રજુ કરવું.**

**આ હુકમની યાદી નીચલી અદાલતને કરવી. તેમજ નીચલી અદાલતે સંબંધીત પોલીસ સ્ટશેનને આ હુકમથી યાદી કરવી.**

**ઉપરોકત હુકમ આજ તા.૦૬ માહે–જાન્યુઆરી સને–૨૦૧૮ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કરી સહી કરી.**

**તા.૦૬–૦૧–૧૮**
**વિરમગામ.**

**(એન.એસ.પ્રજાપતિ)**
**UIC-GJ00443**
**બીજા એડી.ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ,**
**અમદાવાદ(ગ્રામ્ય), વિરમગામ.**

**ડી.આર.જાગાણી**
**પી.એ.**